ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

| | | | |
|---|---|---|---|
| **અભ્યાક્રમ** | **: અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.)** | Numerical Code : 0036 | |
| **પાઠ્યક્રમ** | **: નવલકથાનું સ્વરૂપ (MGT-1)** | **નોંધણી નંબર :** | ________ |
| **તારીખ** | **: 10/07/2016** | **સમય** | **: 11.00 to 02.00** |
| **સૂચના** | **: દરેક પ્રશ્નો ફરજીયાત છે** | Numerical Code : 0215 | |
| | | **કુલ ગુણ** | **: 70** |

---

પ્ર.1 નવલકથાની વિભાવના સમજાવી તેના સ્વરૂપ - લક્ષણોની વિગતે ચર્ચા કરો.
(12)

**અથવા**

ગુજરાતી નવલકથા સાહિત્યના ઇતિહાસની રૂપરેખા જણાવો.

પ્ર.2 નવલકથાના લક્ષણોને ધ્યાને રાખી સરસ્વતીચંદ્ર ભાગ-1 નવલકથાનું મૂલ્યાંકન કરો.
(12)

**અથવા**

સરસ્વતીચંદ્ર ભાગ-1 નવલકથાને આધારે ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથાકર તરીકેની વિશિષ્ટતાઓ જણાવો.

પ્ર.3 'માનવીની ભવાઈ' નવલકથાને સામાજિક મૂલ્યો આધારે તપાસો.
(12)

**અથવા**

'માનવીની ભવાઈ' નવલકથામાં પાત્રનિરૂપણકળા વિશે વિગતે ચર્ચા કરો.

પ્ર.4 ઐતિહાસિક નવલકથાના લક્ષણોને કેન્દ્ર સ્થાને રાખી 'પાટણની પ્રભુતા' નવલકથાને મૂલવો.
(12)

**અથવા**

'પાટણની પ્રભુતા' નવલકથામાં નિરૂપાતા વર્ણનોનું ચિત્રણ કરો.

પ્ર.5 **ટૂંકનોધ લખો. (ગમે તે બે)**
(12)

1. આધુનિક નવલકથા
2. જાનપદી નવલકથાના મુખ્ય લક્ષણો
3. 'સરસ્વતીચંદ્ર ભાગ-1માં નારીપાત્રો
4. 'માનવીની ભવાઈ' શીર્ષકની યોગ્યતા

પ્ર.6 **નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**
(10)

1. ગુજરાતી પ્રથમ ઐતિહાસિક નવલકથા નંદશંકરની __________ છે.
2. 'આંગળિયાત' નવલકથાના લેખક __________છે.
3. પન્નાલાલ પટેલને 'જ્ઞાનપીઠ પુરસ્કાર' __________ વર્ષમાં મળ્યો.
4. 'માનવીની ભવાઈ' નવલકથાની નાયિકાનું નામ __________ છે.

5. 'સરસ્વતીચંદ્ર ભાગ-1' નું શીર્ષક __________ છે.
6. સરસ્વતીચંદ્ર પોતાનું નામ બદલીને __________ જણાવે છે.
7. 'પાટણની પ્રભુતા'  નવલકથાના લેખકનું નામ __________ છે.
8. 'પાટણની પ્રભુતા' નવલકથામાં અણહિલવાડ પાટણના _________ વંશના રાજાઓનો સંદર્ભ છે.
9. રમણલાલ નીલકંઠની હાસ્યનવલકથા __________ છે.
10. 'સોરઠ, તારાં વહેતાં પાણી'માં વિશાળ __________ નવલકથાના કેન્દ્રમાં છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર : ____________ | |
| પાઠ્યક્રમ | : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ (MGT-2) | Numerical Code : 0216 | |
| તારીખ | : 11/07/2016 | સમય | : 11.00 to 2.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે. | કુલ ગુણ : 70 | |

---

પ્ર.1 આખ્યાનના લક્ષણોને કેન્દ્રમાં રાખી 'સુદામાચરિત્ર' નું મૂલ્યાંકન કરો. (12)

**અથવા**

આખ્યાનકાર તરીકે પ્રેમાનંદની રસસંક્રમણના ખ્યાલોની ચર્ચા કરો.

પ્ર.2 'અખોગીતા' માં પ્રગટ થતા તત્વબોધ સ્વરૂપ સ્પષ્ટ કરો. (12)

**અથવા**

'અખોગીતા' કૃતિની સિદ્ધિ-મર્યાદાઓ જણાવો.

પ્ર.3 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહમાં ખંડકાવ્યો વિશે સવિસ્તૃત નોધ લખો. (12)

**અથવા**

રાજેન્દ્ર શાહને કાવ્યસંગ્રહ 'ધ્વનિ' નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

પ્ર.4 'સપ્તપદી' કાવ્યસંગ્રહના શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરી કાવ્યસંગ્રહની વિશેષતા જાણવો. (12)

**અથવા**

'પૂર્વાલાપ' સંગ્રહને આધારે કવિ કાન્તની કવિ તરીકેની પ્રતિભા વર્ણવો.

પ્ર.5 ટૂંકનોધ લખો. (કોઇપણ બે) (12)

1. મધ્યકાલીન સાહિત્યમાં આખ્યાન
2. 'સુદામાચરિત્ર' માં સામાજિકતા
3. 'વસંતવિજય' ખંડકાવ્યનું રસદર્શન
4. 'અખોગીતા'માં જ્ઞાન અને ભક્તિનું સુયોજન
5. 'છિન્ન ભિન્ન છું' માં આધુનિક ચેતના

પ્ર.6 ખાલી જગ્યા પૂરો (10)

1. કવિતા ___________ની કલા છે.
2. 'અખેગીતા' માં __________ કડવા છે.
3. અખો _________ કવિ તરીકે ઓળખાય છે.
4. 'આયુષ્યના અવશેષે' _________ પ્રકારની કવિતા છે.
5. 'ધ્વનિ' કાવ્યસંગ્રહની પ્રથમ આવૃત્તિ _________ વર્ષમાં પ્રગટ થઈ.
6. 'યોગહીણો વિયોગ'એ રોમેન્ટિક તાસીરનું વિપ્રલંભ ________ કાવ્ય છે.
7. 'સુદામા ચરિત્ર' ના સંપાદક __________છે.
8. 'કુંવરબાઈનું મામેરું' ___________નું સર્જન છે.
9. ___________ સંગ્રહ સાત રચનાનો સંપુટ છે.
10. કવિ કાન્તનું પુરું નામ __________ છે.

---

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 |
| | | નોંધણી નંબર :________ |
| પાઠ્યક્રમ | : ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર-રૂપતંત્ર (MGT-3) | Numerical Code : 0217 |
| તારીખ | : 12/07/2016 | |
| સમય | : 11.00 to 2.00 | |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે. | કુલ ગુણ : 70 |

પ્ર.1 ભાષા આત્મસાત કરવાની પ્રક્રિયાની ચર્ચા કરો. (12)

**અથવા**

ગુજરાતી ભાષાની ત્રીજી ભૂમિકાના ઉચ્ચારણ વિષયક અને વ્યાકરણ વિષયક લક્ષણોની ચર્ચા કરો.

પ્ર.2 પ્રયોજનની દ્રષ્ટિએ વાક્યના પ્રકારોની ચર્ચા કરો. (12)

**અથવા**

કારકના મહત્વની દ્રષ્ટિએ કારકના પ્રકારોની ચર્ચા કરો.

પ્ર.3 ભાષાની મુખ્ય મુખ્ય લક્ષનીકતાઓની ચર્ચા કરો. (12)

**અથવા**

સર્વનામ એટલે શું? તે સ્પષ્ટ કરી સર્વનામના પ્રકારોની ચર્ચા કરો.

પ્ર.4 પ્રયોજનના આધારે વાક્યના પ્રકારોની ચર્ચા કરો. (12)

**અથવા**

વિધાનોનું સંયોજન કઈ કઈ રીતે થઇ શકે તે ઉદાહરણ સાથે સમજાવો.

પ્ર.5 **ટૂંકનોધ લખો. (ગમે તે બે)** (12)

1. દંત્યસ્પર્શ ધ્વનિઓ
2. ગુજરાતી ભાષાના મર્મસ્વરો
3. નામયોગી અવ્યય
4. ક્રિયાવિશેષણના પ્રકારો

પ્ર.6 **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો..** (10)

1. ભાષાને કઈ પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે?
2. ભાષાએ કયા વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે?
3. નવરાત્રિ કયા પ્રકારનો સમાસ છે?
4. અલકા પુસ્તક વાંચે છે --- આ વાક્યમાં કર્મ કયું છે?
5. પ,ફ,બ,ભ એ કયા પ્રકારના વ્યંજનો છે?
6. ‘શાકબાક’ ‘ચા-પાણી’ વગેરે ગુજરાતી ભાષામાં કયા પ્રકારની રચનાઓ કહેવાય છે?
7. મીના અહી આવ આ___________ પ્રકારનું વાક્ય છે.
8. પંખી સરરર ઉડી ગયું – આ વાક્યમાં સરરર કયા પ્રકારની રચના છે?
9. ગુજરાતી ભાષામાં કુલ સ્વરો કેટલા છે?
10. “સમયસર આવવું એટલે મોડા ન આવવું” – આ વાક્યમાં કયા પ્રકારનું સંયોજક વપરાયેલું છે?

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036<br>નોંધણી નંબર :_________ | |
| પાઠ્યક્રમ | : નિબંધ (MGT-4) | Numerical Code : 0218 | |
| તારીખ | : 13/07/2016 | સમય | : 11.00 to 2.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ : 70 | |

પ્ર.1 ગદ્ય એટલે શું? તે જણાવી, ગદ્યના વિવધ પ્રકારો વિશે ઉદાહરણ સહિત નોંધ લખો. (12)

અથવા

'સાયબર વર્લ્ડ : આકર્ષણો અને પડકારો' – એ વિશે નિબંધ લખો.

પ્ર.2 વિચાર વિસ્તાર કરો. (કોઇપણ બે) (12)

1. મોડી મોડી ખબર પડી બા, તું છો જ્યોતિધામ
2. વિચાર સર્વ કાર્યોનો રાજા છે.
3. ક્ષમામાં જે શક્તિ છે, તે દંડમાં નથી.
4. નમતાથી તો સૌ કોઈ રીઝે, નમતાને બહુ માન.

પ્ર.3 નિબંધ લખો. (ગમે તે એક) (12)

1. સમૂહ પ્રત્યાયન અને સમૂહ માધ્યમ
2. સ્વાતંત્ર્યમૂલક વિચારસરણી

પ્ર.4 નિબંધ લખો. (ગમે તે એક) (12)

1. માહિતીપ્રધાન સમાજ
2. માધ્યમની માઠી અસરો

પ્ર.5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (12)

1. અહેવાલના હેતુઓ જણાવો
2. હિમાયતનું પત્રકારત્વ
3. આત્મકથા એટલે શું?
4. આજની શિક્ષણ પ્રણાલીની ખામીઓ

પ્ર.6 બહુવિકલ્પવાળા પ્રશ્નોના ઉત્તર આપો. (10)

1. ભારતમાં મુદ્રણકળાનું આગમન ક્યારે થયું?
   A. 1550 B. 1650 C. 1750 D. 1450
2. ભારતનું પ્રથમ અખબાર 'બંગાલ ગેઝેટ' કયા વર્ષમાં બહાર પડ્યું?
   A. 1781 B. 1780 C. 1782 D. 1779
3. 'બુધ્ધિપ્રકાશ' નો આરંભ ક્યારે થયો?
   A. 1960 B. 1852 C. 1851 D. 1850
4. 'રીડર્સ ડાઈજેસ્ટ' નો પ્રારંભ કયા વર્ષમાં થયો?
   A. 1919 B. 1920 C. 1922 D. 1921

5. ‘ટાઈમ’ મેગેઝિનનો પ્રારંભ ક્યારે થયો?

A. 1923 B. 1924 C. 1925 D. 1922

6. ‘સોનું’ શબ્દનો પર્યાય જણાવો.

A. ચાંદી B. કંચન C. રૂપું D. પિત્તળ

7. ‘અતિવૃષ્ટિ’નો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.

A. નહિવત વરસાદ B. પુષ્કળ વરસાદ C. અનાવૃષ્ટિ D. લીલો દુકાળ

8. ‘ઇડરિયો ગઢ જીતવો’ રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

A. મહાન પરાક્રમ કરવું B. સફળતા મળવી

C. ઈડર જીતવું D. ઈડરના ગઢ ઉપર ચઢવું

9. ‘ઘર માંડવું’ રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

A. ઘર બનાવવું B. ઘર તોડવું C. લગ્ન કરવા D. છૂટાછેડા કરવા

10. ‘દુ:ખમાં અધિક માસ’ કહેવતનો અર્થ જણાવો.

A. દુ:ખમાં સુખ આવવું B. દુ:ખ દૂર થવું

C. દુ:ખમાં વધારે દુ:ખ આવવું D. સુખી થઈ જવું

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

| | | |
|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 |
| | | નોંધણી નંબર :________ |
| પાઠ્યક્રમ | :સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો (MGT-5 ) | Numerical Code : 0219 |
| તારીખ | : **10/07/2016** | |
| સમય | : **03.00 to 06.00** | |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે. | કુલ ગુણ : 70 |

પ્ર.1 સાહિત્યસ્વરૂપ તરીકે આત્મકથાના સ્વરૂપનો વિગતે પરિચય આપો. (12)

**અથવા**

નિબંધ સાહિત્યસ્વરૂપના વિવિધ પ્રકારોની ઉદાહરણ સહીત ચર્ચા કરો.

પ્ર.2 ગાંધીજીના જીવનને ઘડનારા પરિબળો વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો. (12)

**અથવા**

ગાંધીજીના સાહિત્ય-સર્જન વિશે લખો.

પ્ર.3 ગાંધીજીના સાહિત્યિક પત્રકારત્વ વિશે મૂલ્યાંકન કરો. (12)

**અથવા**

'હિંદ સ્વરાજ'માં ગાંધીજીનું ચિંતન

પ્ર.4 'સત્યના પ્રયોગો' માં પ્રગટ થતી ગાંધીજીની ગદ્યશૈલી વિશે સદૃષ્ટાંત નોંધ લખો. (12)

**અથવા**

'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' પુસ્તક આધારે ઈતિહાસ લેખક ગાંધીજીને મૂલવો.

પ્ર.5 **ટૂંકનોધ લખો. (કોઈપણ બે)** (12)

1. 'સત્યના પ્રયોગોમાં' ગાંધીજીની નિખાલસતા
2. અહમદ મહમદ કાછાલિયાનું રેખાચિત્ર
3. જીવનકથા
4. 'હિંદ સ્વરાજ' આધારે : 'ભારતના સુધારા દર્શન'
5. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ અનુભવેલી વેદના

પ્ર.6 **ખાલી જગ્યા પૂરો.** (10)

1. ફાબર્સની પ્રેરણાથી કવિ દલપતરામે __________ સંસ્થાની સ્થાપના કરી.
2. ગાંધીજીનો જન્મ, વર્ષ __________ માં થયો.
3. ગાંધીજી વર્ષ 1891ના જૂન મહિનામાં _________એ થઇને હિંદ આવ્યા.
4. 'હિંદ સ્વરાજ' પુસ્તક _________ દિવસના ટૂંકા ગાળામાં લખાયું હતું.
5. 'આસ્તિક' _________ વાદ પર રૂપકથા છે.
6. ગાંધીજીની આત્મકથા ___________ ભાગમાં વહેંચાયેલી છે.
7. 'નવજીવન ટ્રસ્ટ' ની સ્થાપના _________ શહેરમાં થઈ.
8. કેળવણીનો સાધારણ અર્થ _________ એ જ થાય છે.
9. ગાંધીજી વર્ષ 1918 માં સાહિત્ય સંમેલનના ___________ નિમાયા હતા.
10. ગાંધીજીએ ગીતા ઉપર 'ગીતાબોધ' અને __________એમ બે પુસ્તકો રચેલા.

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :_______________ | |
| પાઠ્યક્રમ | :સાહિત્ય મીમાંસા (MGT-6) | Numerical Code : 0205 | |
| તારીખ | : 11/07/2016 | સમય | : 03.00 to 06.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ | : 70 |

---

પ્ર.1 ભારતનું રસસૂત્ર જણાવી તેના પર વિવિધ આચાર્યોએ કરેલી ટીકા જણાવો. (12)

**અથવા**

આનંદવર્ધનના ‘ધ્વનિ’ વિચારની વ્યાખ્યા અને પ્રકારો સહિત સ્પષ્ટ સમજ આપો.

પ્ર.2 પૂર્વની સાહિત્ય મીમાંસામાં વક્રોક્તિ વિચારનું મહત્વ જણાવો. વક્રોક્તિના વિવિધ પ્રકારની સંક્ષિપ્ત સમજ આપો. (12)

**અથવા**

શબ્દ શક્તિ એટલે શું? વિસ્તારપૂર્વક સૈદ્ધાંતિક ચર્ચા કરો.

પ્ર.3 એરિસ્ટોટલે આપેલી ટ્રેજેડીની વિભાવના સ્પષ્ટ કરી ટ્રેજેડીના વિવિધ અંગોની ચર્ચા કરો. (12)

**અથવા**

ટી.એસ. એલિટયના કલાવિચારની ભૂમિકા તેમના પ્રખ્યાત નિબંધોના આધારે સ્પષ્ટ કરો.

પ્ર.4 મેથ્યુ આર્નોલ્ડનો સાહિત્ય વિચાર સમજાવો. (12)

**અથવા**

‘સાહિત્યમાં ઉદ્દાત્ત તત્વનું મહત્વ’ વિષય પર લોન્જાઈનની વિચારણાના આધારે સમજાવો.

પ્ર.5 **કોઈપણ બે ટૂંકનોંધ લખો.** (12)

(1) રમણીયતા વિચાર

(2) નવ્ય વિવેચનનું હાર્દ

(3) કોલરિજનો કાવ્ય વિચાર

(4) ગુજરાતી વિવેચનનો સંક્ષિપ્ત પરિચય

પ્ર.6 **નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.** (10)

1. નાટ્યશાસ્ત્રના રચયિતા __________છે.
2. મમ્મટના ગ્રંથનું નામ __________છે.
3. રમણીયતા વિચાર _________એ આપ્યો.
4. ગાંધીયુગના સાહિત્યગુરુ _________છે.
5. ‘ધ્વન્યાલોક’ ગ્રંથની રચના _________એ કરી.
6. _________આચાર્ય અભિનવ ગુપ્તાના શિષ્ય હતા.
7. ઔચિત્ય વિચાર __________એ આપ્યો.
8. રાજશેખરના અલંકારશાસ્ત્રના ગ્રંથનું નામ __________છે.
9. અલંકારશાસ્ત્રના પ્રવર્તક __________ગણાય છે.
10. વસ્તુગત સહસંબંધક સિદ્ધાંત __________એ આપ્યો છે.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 |
| | | નોંધણી નંબર :_______________ |
| પાઠ્યક્રમ | :ગુજરાતી ગદ્યના સીમા ચિહ્નો (MGT-7) | Numerical Code : 0220 |
| તારીખ | : 12/07/2016 | |
| સમય | : 03.00 to 06.00 | |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ : 70 |

---

પ્ર.1 'મારી હકીકત'ની આત્મકથાના લક્ષણોને ધ્યાનમાં રાખી આત્મકથા તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (12)

અથવા

'મારી હકીકત' કૃતિમાંથી પ્રગટ થતું નર્મદનું સમાજ સુધારક તરીકેનું વ્યક્તિત્વ આલેખો.

પ્ર.2 'જ્નાન્તિકે' કૃતિની નિબંધના લક્ષણોને આધારે વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (12)

અથવા

'શૈશવને સીમાડે ' અને 'એક ધારો વરસાદ' નિબંધની ચર્ચા કરો.

પ્ર.3 'સૌરાષ્ટ્રની રસધાર ' કૃતિમાં સૌરાષ્ટ્ર પ્રદેશનું જનજીવન તથા સંસ્કૃતિક જીવન પ્રગટ થયું છે. - ચર્ચા કરો. (12)

અથવા

'આહીરની ઉદારતા' વાર્તાની સમીક્ષા કરો.

પ્ર.4 'કાવ્યની શક્તિ' ને આધારે રા.વિ. પાઠકને વિવેચક તરીકે મૂલવો. (12)

અથવા

'કાવ્યની શક્તિ' ના વિવેચન લેખોની ચર્ચા કરો.

પ્ર.5 **ટૂંકનોંધ લખો (ગમેં તે બે )** (12)

1. 'કાવ્યની શક્તિ' ના ગ્રંથાવલોકનો
2. 'મારી હકીકત' શીર્ષક ની ચર્ચા
3. 'મુશળધાર વરસાદ' નિબંધની ચર્ચા
4. 'સૌરાષ્ટ્રની રસધાર ' શીર્ષકની યથાર્થતા

પ્ર.6 **બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો આપો.** (10)

1. 'સૌરાષ્ટ્રની રસધાર'ની પ્રથમ આવૃત્તિ ઈ.સ._______માં પ્રગટ થઇ હતી.
2. 'સૌરાષ્ટ્રની રસધાર' સમૂહમાં કુલ _________ વાર્તાઓ આવેલી છે.
3. કાવ્યની શક્તિ ના લેખક _________છે.
4. 'જ્નાન્તિકે' નિબંધ સંગ્રહના લેખક__________છે.
5. 'જ્નાન્તિકે' નિબંધની ત્રીજી આવૃત્તિ ઈ.સ. _________માં પ્રગટ થયેલી છે.
6. ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા ________ છે.
7. નર્મદાશંકરને જે ગુજરાતી ન જાણે તે ગુજરાતી જ કેમ ગણાય? આ ઉક્તિ _______ની છે.
8. કવિ નર્મદનો સમયગાળો ________ છે.
9. સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧ ના લેખક _________ છે.
10. 'ઘેલોશા' વાર્તા _________ વાર્તા સંગ્રહમાં આવે છે.

---

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 |
| | | નોંધણી નંબર :_________ |
| પાઠ્યક્રમ | અનુવાદ (અંગ્રેજી અને **हिन्दी**માથી) (MGT-8) | Numerical Code : 0221 |
| તારીખ | : 13/07/2016 | |
| સમય | : 03.00 to 06.00 | |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ : 70 |

---

પ્ર.1 આધુનિક યુગમાં અનુવાદનું મહત્વ વિગતે સ્પષ્ટ કરો. (14)

**અથવા**

"વિવિધ સંસ્કૃતિ સંગમના કાર્યમાં અનુવાદ ઉપયોગી છે" – વિધાન સમજાવો.

પ્ર.2 અનુવાદકની સજ્જતા વિશે સવિસ્તાર ચર્ચા કરો. (14)

**અથવા**

માતૃભાષા વિષયક સજ્જતા અને અનુવાદ ભાષા પ્રત્યેના સંતુલન વિશે અનુવાદકે કેવી કાળજી રાખવી જોઈએ?

પ્ર.3 અનુવાદ કલા છે વિજ્ઞાન ? સમજાવો (14)

**અથવા**

કાવ્યનો અનુવાદ કરતી વખતે કેવા પ્રકારની કાળજી રાખવી જોઈએ ? ચર્ચો.

પ્ર.4 અનુવાદ ક્ષેત્રનું કાર્યક્ષેત્ર સવિસ્તાર સમજાવો. (14)

**અથવા**

અનુવાદમાં અર્થવિચાર અને સહાયક સાધનો વિશે વિગતે લખો.

પ્ર.5 **નીચેનામાંથી કોઈ પણ બે ટૂંકનોંધ લખો.** (14)

1. નાટકોના અનુવાદની સમસ્યાઓ
2. રૂઢિપ્રયોગોનો અનુવાદ
3. અનુવાદના પ્રકાર
4. અનુસર્જન